

# ભાઈબંધી

– ડૉ. કિશોર પંડ્યા

પરેશનો જન્મદિવસ થોડા દિવસ પછી આવતો હતો.

જન્મદિવસની ખુશાલી હતી. એની ઉજવણી કઈ રીતે કરવી એની વાતો ઘરમાં થતી હતી. પરેશની બા કઈ કઈ મીઠાઈ બનાવવી અને ફરસાણમાં છોકરાને શું ભાવે છે એ યાદ કરતી હતી. પરેશના બાપુજી ઘરમાં ટેબલ કઈ રીતે ગોઠવવું ? કેટલા ફુગ્ગા લગાવવા ? કોને કોને તે દિવસે બોલાવવા એની યાદી તૈયાર કરતા હતા.

પરેશે પણ એના ભાઈબંધોને પોતાના જન્મદિવસની પાર્ટીમાં આવવા માટે નિમંત્રણ આપી દીધું હતું.

પરેશને સવારની સ્કૂલ હતી.

પણ જન્મદિવસને દિવસે તે સ્કૂલમાંથી વહેલો ઘરે આવી જવાનો હતો. બપોરના બાર વાગે એટલે સ્કૂલથી સીધા જ પોતાના ઘરે આવી જાય એ રીતે તેણે પોતાના મિત્રોને બોલાવ્યા હતા.

હજી તો જન્મદિવસને બે દિવસની વાર હતી ત્યાં મનુ મહાત્મા પરેશને ત્યાં આવ્યો.

'કિસ્મત કંકોડી તારા જન્મદિવસની પાર્ટીમાં નથી આવવાનો, આવતાની સાથે જ આ ખબરનો તેણે ધડાકો કર્યો.

''કેમ ?'' કિસ્મત નથી આવવાનો એ સમાચાર સાંભળીને પરેશને નવાઈ લાગી.

મનુ મહાત્મા જેમ કિસ્મત પણ તેનો ખાસ મિત્ર હતો.

''હમણા એમના રોજા ચાલે છે એટલે કિસ્મત પાર્ટીમાં નહિ આવે.''

મનુએ સ્પષ્ટતા કરતાં કહ્યું.

''કિસ્મત કંકોડી વગર તો પાર્ટીમાં મજા ન આવે.''

પરેશ મુંઝાતો હતો.

હવે શું કરવું ?

પરેશ તો કિસ્મતની સાથે પોતાના જન્મદિવસે ગુલાબજાંબુ ખાવાની શરત લગાડવાનો હતો. પરેશની જેમ કિસ્મતને પણ ગુલાબજાંબુ ભાવતાં હતાં. આ વખતે તો કિસ્મતને ગુલાબજાંબુ ખાવામાં હરાવી દેવાની પણ તેણે તૈયારી કરી હતી.

''શું ખરેખર કિસ્મત પાર્ટીમાં નહિ આવે?'' પરેશે મનુ મહાત્માને પૂછ્યું.

''એના રોજા ચાલે છે એટલે પાર્ટીમાં આવીને કરે પણ શું ? એ કાંઈ ખાઈ ન શકે, કાંઈ પી ન શકે વળી રોજા તોડાવાય પણ નહિ.''

મનુની વાત સાંભળી પરેશ ઉદાસ થઈ ગયો. જન્મદિવસ ઉજવવાનો આનંદ ઓસરવા લાગ્યો.

ત્યાં પરેશનાં બા એ ઓરડામાં આવ્યાં.

પરેશને સૂનમૂન જોઈને એમણે પૂછ્યું : ''શું થયું, પરેશ ! તાવ તો નથી આવ્યોને ?'' પરેશની બાએ પરેશના કપાળ પર હાથ મૂકીને તાવ નથી એની ખાતરી કરી લીધી. ''કેમ આમ ચૂપચાપ બેઠો છે ?''

પરેશે બાને કિસ્મતના રોજાની વાત કરી.

''કિસ્મત ના આવે તો પાર્ટીમાં મજા પણ શું આવે ?''

''હવે આ વાતની તારે ફિકર કરવાની જરૂર નથી. હું કોઈ ને કોઈ ઉપાય જરૂર શોધી કાઢીશ.'' પરેશની બાએ કહ્યું.

એમને પણ કિસ્મત પાર્ટીમાં આવવો જ જોઈએ એવી ઇચ્છા હતી.

કિસ્મત, પરેશ અને મનુ ત્રણેય એક જ વર્ગમાં હતા. મનુનું શરીર અલમસ્ત પહેલવાન જેવું. કિસ્મત એકદમ દૂબળો–પાતળો એટલે બધા એને કિસ્મત કંકોડી કહેતા. તે એવો આનંદી હતો કે કાંઈ પણ બોલે તે સાંભળી બધા હસી પડતા.

બાએ જઈને બાપુજીને વાત કરી.

બાપુજી પરેશની પાસે આવ્યા. તેમણે પરેશને સમજાવતા હોય એમ કહ્યું : ''જો બેટા ! રોજા રાખવા એ ખૂબ સારી વાત છે. ધર્મ ઉપરાંત શરીરના અનુકૂલન માટે પણ એ જરૂરી છે. દરેક ધર્મમાં મનુષ્યને પોતાના સારા દિવસો અને ખરાબ દિવસોમાં સમાન રીતે જીવવાનું જણાવેલું છે. સારા દિવસોમાં બહુ ફુલાઈ ન જવું કે ખરાબ દિવસોમાં બહુ દુઃખી ન થઈ જવું. રમજાન પવિત્ર મહિનો છે. રમજાન મહિનામાં જ કુરાને શરીફ મહમદ સાહેબને જીબ્રીલે કહેલું. હજરત અલી સાહેબે જગતભરમાં એ પહોંચાડયું.

પરેશ મુંઝાયો.

''રમજાન મહિનો પવિત્ર મહિનો છે એ વાત સાચી પણ મારા જન્મદિવસનું શું ? આપણે શું કરવું ?''

''એ માટે આપણે કિસ્મતના ઘરે જઈ નક્કી કરવું પડશે.'' પરેશના બાપુજીએ કહ્યું.

પરેશ અને તેના બા–બાપુજી કિસ્મતના ઘરે પહોંચ્યા, એ સમયે કિસ્મત તૈયાર થઈને બહાર નીકળતો હતો.

''હું તો તમારે ત્યાં જ આવતો હતો.'' કિસ્મતે કહ્યું.

''પણ...તારે તો રોજા છે ને ?'' પરેશે તરત જ કહ્યું.

''હા. પણ રોજામાં તો ખાવા–પીવાની મનાઈ છે. કોઈને ત્યાં કે સ્કૂલમાં આવવા જવામાં કંઈ વાંધો નથી.'' કિસ્મતે કહ્યું.

''પણ કિસ્મત ! તું મારા જન્મદિવસની પાર્ટીમાં કાંઈ ખાઈ શકશે નહિ એનું શું ?''

''અરે ! હું તો બધું ખાવાનો. પણ રોજા ખૂલે પછી. એ પહેલાં નહિ.''

ત્યાં મહમદ ચાચા અને કુલસુમ ચાચી અંદરથી આવ્યા.

પરેશને તેના બા–બાપુજી સાથે આવેલો જોઈ બંને ખૂબ રાજી થયાં.

પરેશે એમને પોતાના જન્મદિવસની વાત કરી.

''કિસ્મત વગર મારે જન્મદિવસની પાર્ટી ઉજવવી જ નથી.'' પરેશ એની વાતો કરતો હતો.

''હવે શું કરવું એ માટે અમે તમને પૂછવા આવ્યા છીએ. કેમકે બધાને નિમંત્રણ અપાઈ ગયા છે'' પરેશના બાપુજીએ કહ્યું.

''જન્મદિવસ તો વરસમાં એક વખત જ આવે છે એટલે એ તો ધામધૂમથી ઉજવો.'' મહમદ ચાચાએ કહ્યું.

કિસ્મત પણ પરેશનો જન્મદિવસ સારી રીતે ઉજવાય તેવું જ વિચારતો હતો.

''જો પરેશ ! તું રાજી રહેતો હોય તો હું એક રોજું નહિ કરું. રમજાન પછી એક રોજું પૂરું કરી લઈશ.'' કિસ્મતે બાળસહજ કહ્યું.

''ના, એવું નહિ કરવાનું.'' પરેશના બાપુજીએ કહ્યું.''તારે રોજું રાખવાનું. અમે પાર્ટી બપોરના બદલે રાત્રે રાખીશું. એટલે તારું રોજું પડશે પણ નહિ અને પરેશનો જન્મદિવસ પણ ઉજવાશે.''

પરેશના બાપુજીએ કિસ્મતને સમજાવતા હોય તેમ કહ્યું.

મહમદચાચાએ તરત કહ્યું.

''તમારી વાત બરાબર છે. પણ તમારે અમારી એક વાત માનવી પડશે.''

''તમારી કોઈ વાત ટાળી શકાય એવી ક્યાં હોય છે ?'' પરેશના બાપુજીએ હસતાં–હસતાં કહ્યું.

મહમદચાચા ખુશ થઈ ગયા.

''પરેશનો જન્મદિવસ ઉજવવા માત્ર સમય જ નહિ તમારે સ્થળ પણ ફેરવવું પડશે.'' મહમદ ચાચા બોલ્યા.

''એટલે ?'' પરેશના બાપુજી ચાચા શું કહેવા માંગે છે તે સમજી શક્યા નહિ.

''તો પછી તમારા ઘરને બદલે મારે ઘેર પરેશનો જન્મદિવસ ઉજવાશે. બસ.'' મહમદચાચાએ કહ્યું.

‘‘પણ…પણ…’’ પરેશના બાપુજીને શું બોલવું તે કંઈ સમજાયું નહિ.

‘‘પરેશનો જન્મદિવસ અમારે ત્યાં ઉજવાશે અને જયારે રમજાન પૂરો થશે ત્યારે અમે બધા ઈદની ખુશી મનાવવા તમારે ઘરે આવી પહોંચીશું.’’ મહમદચાચાએ ફોડ પાડીને કહ્યું.

આ વાત સાંભળી પરેશના બાપુજીને પણ આનંદ થયો. હવે હિસાબ બરાબર થતો હતો.

પરેશનો જન્મદિવસ મહમદચાચાને ઘેર ઉજવવાનો હતો અને કિસ્મત ઈદની ખુશી પરેશના ઘેર મનાવવાનો હતો.

પરેશ અને કિસ્મત પણ આ વાત સાંભળી ખૂબ આનંદમાં આવી નાચવા–કૂદવા લાગ્યા.

■